જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૬/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૫૮/૧૬

**ઓઢવઃ** મણીભાઈ સોમાભાઈ તિરગર (રહે. સુંદરમ આવાસ યોજના વસ્ત્રાલગામ રિલાયન્સ પેટ્રોલપંપ પાસે રીંગરોડ વસ્ત્રાલ) એ તા.૭/૬/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૫/૧૬ નારોજ આરોપી (૧) સંજય ધનાભાઈ પટણી અને (૨) પાંગો સોનજી પટણી (બન્ને રહે. સિંગરવા સરકારી દવાખાનાની બાજુમાં છાપરાંમાં) એ ભેગા મળી પોતાના પુત્ર અમૃત ઉર્ફે પ્રકાશ સાથે મોબાઈલ સીમ બાબતે ઝગડો કરી અમૃત ઉર્ફે પ્રકાશનુ મોત નિપજાવી પુરાવાનો નાશ કરવા સારૂ સિંગરવા ગામના તળાવના ગાર્ડનની દિવાલ નજીક મુકી નાસી ગયા હતા. (એફ.એસ.એલ રિપોર્ટમાં ગળુ દબાવી મોત નિપજાવેલાનુ જાણવા મળ્યુ હતુ.) આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ પટેલ ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે બન્ને આરોપીઓને ઓઢવ પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૫૯/૧૬

**બાપુનગરઃ** મમતાબહેન અમરતજી ઠાકોર (ઉ.વ.૧૬) (રહે.ચતુરદાસ મોતીદાસની ચાલી એસ.બી.આઈ.કોર્નર પાસે હરદાસનગર બાપુનગર) ને તા.૪/૬/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ભીડભંજન ત્રણ રસ્તા નજીકથી શકદાર આરોપી દિલીપભાઈ રવાજી ઠાકોર (રહે. અમીરગઢ કુવા પાસે તાલુકો અમીરગઢ જીલ્લો બનાસકાંઠા) લગ્ન કરવાની લાલચ આપી લાલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મમતાબહેનના પિતા અમરતજી ઠાકોરે તા.૭/૬/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર એમ ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રાણીપ**ઃ પાયલબહેન વિકાસ ઠાકોર (ઉ.વ.૧૭) (રહે.ખેંગારજીનો ટેકરો રાણીપ) ને તા.૨૭/૨/૧૬ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સુરેશ શંકરભાઈ મીણા (રહે.સરસ્વતીનગર મેલડીનગરના છાપરાં ન્યુ રાણીપ) લગ્ન કરવાની લાલચ આપી લાલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ પાયલબહેનના પિતા વિકાસ ઠાકોરે તા.૭/૬/૧૬ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી બી પટેલ ચલાવે છે.

**<u>ઘરફોડઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૦/૧૬</u>**

**મણીનગર**ઃ શૈલેષભાઈ દોલતરાય ત્રિવેદી (ઉ.વ.૫૯) (રહે.જલધારા એપાર્ટમેન્ટ કરાચી હોટલની પાછળ જનકલ્યાણ પ્રેસની પાછળ મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૭/૬/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૮/૬/૧૬ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીનું તાળુ તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૮૯,૦૦૦/- અને રોકડ રૂપીયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૮૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.ડી.નકુમ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૧/૧૬</u>**

**રિવરફ્રંટ ઈસ્ટ**ઃ નટવરલાલ અંબાલાલ લેઉવા (રહે.મંગલમ ફ્લેટ આનંદનગર ફ્લેટની સામે બાપુનગર) એ તા.૭/૬/૧૬ કલાક ૮/૪૫ વાગ્યા પહેલા સુભાષબ્રીજ નીચે નારણઘાટ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિહ જવાનસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)